
કે.ડી. NEWS
તારીખ : 11/01/2026

# સાવરકુંડલા ની આસ્થારૂપ નાવલી નદીના નામે એસટી બસના નામ રાખવા નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરતા સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી કસવાલા..



1651

વિધાનસભા

ગુજરાત

મહેશ કસવાલા
ધારાસભ્ય,
સાવરકુંડલા લીલીયા

જાવક ક્રમાંક : ATL/MLA/૨૫૮૨ /૨૦૨૬
તા.૦૯-૦૧-૨૦૨૬

માનનીય,
શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબ,
નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહન વ્યવહાર વિભાગ)
નવા સચિવાલય, ગાંધીનગર.

વિષય :-સાવરકુંડલાની આસ્થા રૂપ નાવલી નદીના નામે એસ.ટી.બસમાં નામ રાખવા બાબત

વંદેમાતરમ, કુશળ હશો.

જય ભારત સાથ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે,ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા રાજ્યના જુદા જુદા એસ.ટી ડેપોમાં ચાલતી બસ સેવાઓમાં એસ.ટી.નિગમ દ્વારા ગૌરવશાળી નામોથી બસની ઓળખ આપવામાં આવેલ છે.દાત.**જુનાગઢ ડીવીજનમાં ગીરનાર,ભાવનગર ડીવીજનમાં શેત્રુંજય,અમદાવાદ ડીવીજનમાં સાબરમતી** જેવા નામોની ઓળખ આપવામાં આવેલ છે.

અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકામાં શહેરમાંથી પસાર થતી નાવલી (નવલગંગા) નદી માત્ર નદી નથી પરંતુ આ "એક માં સમાન" છે આ નદીના ઈતિહાસપણ વર્ષો પૂરાણો છે અને લોકોની આસ્થા પણ આ નદી સાથે જોડાયેલી છે.તેથી અમરેલી જીલ્લા અથવા સાવરકુંડલા એસ.ટી ડેપોમાં ચાલતી બસને "નાવલી "નામ આપવામાં આવે તો અમરેલી જીલ્લાના આસ્થા સાથે ગૌરવ લઈ શકાય તેવી બાબત છે તેથી "સાવરકુંડલા એસટી ડેપો દ્વારા ચાલતી બસને નાવલી અથવા નવલગંગા" નું નામ આપવા માટે લોકો તરફથી રજુઆતો મળેલ છે. તેથી આ અમારું સૂચન ને ગ્રાહ્ય રાખી નાવલી અથવા નવલગંગા નામ રાખવા મારી વિનતી છે.

આપનો સ્નેહાધીન
(મહેશ કસવાલા)

નકલ રવાના :-
શ્રી મયુરભાઈ રબારી,પ્રમુખશ્રી માલધારી સેલ જીલ્લા ભાજપ,હાથસણી રોડ,સાવરકુંડલા,જી.અમરેલી
/- જાણ સારૂ

સાવરકુંડલા ઓફિસ : ધારાસભ્યશ્રીનું કાર્યાલય, મહુવા રોડ, સાવરકુંડલા, જી. અમરેલી • ફોન નં. : ૦૨૮૪૫-૨૨૪૨૨૩
અમદાવાદ ઓફિસ : ''સત્ય'' આઈ-૩/૪ અન્નપૂર્ણા સોસાયટી, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૫૦
maheshkaswala1972@gmail.com www.facebook.com/mkaswala https://twitter.com/mkaswala /mkaswalabjp http://www.maheshkaswala.in/

સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખી રજૂઆત કરી હતી કે જુનાગઢ ડિવિઝનમાં ગિરનાર ભાવનગર ડિવિઝનમાં શેત્રુંજય અમદાવાદ ડિવિઝનમાં સાબરમતી જેવા નામોથી ઓળખ મળી છે ત્યારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં શહેરમાંથી પસાર થતી નાવલી નવલગંગા માત્ર નદી નહીં પરંતુ એક મા સમાન છે ત્યારે આ નદીને ઈતિહાસ પણ વર્ષો પુરાણા છે અને લોકોની આસ્થા પણ જોડાયેલી છે ત્યારે અમરેલી જિલ્લા અથવા સાવરકુંડલા એસટી ડેપોમાં ચાલતી બસને નાવલી નામ આપવામાં આવે તો અમરેલી જિલ્લાના આસ્થા સાથે ગૌરવ લઈ શકાય તેવી બાબત છે અને સાવરકુંડલા એસટી ડેપો દ્વારા ચાલતી બસને નાવલી અથવા નવલ ગંગા નું નામ આપવા માટે લોકો તરફથી રજૂઆતો મળેલ છે તેથી અમારું સૂચનને ધ્યાને લઈ નાવલી અથવા નવલ ગંગા નામ રાખવા નાયબ મુખ્યમંત્રી ને રજૂઆત સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી કસવાલા એ કરી હતી અને સાવરકુંડલા લોકોએ પણ જણાવ્યું હતું કે સાવરકુંડલાની માટી આજે ગર્વથી ભીની છે કારણ કે શૌર્યની ઓળખ "નાવલી"ને રાજ્યમાં અવાજ આપનાર સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા આ વિસ્તારના નેતા નહીં પરંતુ આ વિસ્તારના સાચા બેટા આપ છો આ વિસ્તારના હજારો વૃદ્ધો અને વડીલોના આશીર્વાદ સદા આપની સાથે છે, અને એ આશીર્વાદથી જ અમરેલીનો અવાજ રાજ્યમાં ગુંજે છે.અમરેલીની આત્માને સન્માન આપનાર ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો હૃદયભર્યો, ગર્વભર્યો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

# મકરસંક્રાંતિ સુધી વાંચો મકરસંક્રાંતિ વિશેષ...

## ખીચડો કે ખીચડી બનાવી શકાશે ??

મકરસંક્રાંતિ એટલે કે ઉત્તરાયણને આડે હવે બસ ચાર દિવસ જ છે, ત્યારે ઉત્તરાયણની ઉજવણીને લઈને લોકોમાં થોડી મૂંઝવણ જોવા મળી રહી છે. 14 જાન્યુઆરી 2026 બુધવારના રોજ મકરસંક્રાંતિની સાથે જ 'ષટતિલા એકાદશી' પણ આવી રહી છે. શાસ્ત્રોક્ત માન્યતા અનુસાર એકાદશીના દિવસે અનાજ અને ખાસ કરીને ચોખાનો ત્યાગ કરવાનો હોવાથી, સંક્રાંતિના પર્વે પરંપરાગત રીતે બનતો ખીચડો કે ખીચડી બનાવી શકાશે કે કેમ તે અંગે અસમંજસમાં છે.જ્યોતિષીઓના જણાવ્યા અનુસાર, મકરસંક્રાંતિ અને એકાદશીનો આવો દુર્લભ સંયોગ 19 વર્ષ બાદ સર્જાયો છે.પંચાંગ અને જ્યોતિષના જણાવ્યા અનુસાર, 14 જાન્યુઆરી 2026 એ સૂર્યદેવ બપોરે 3:07 વાગ્યે મકર રાશિમાં પ્રવેશ કરશે. ષટતિલા એકાદશીની તિથિ 14 જાન્યુઆરીએ વહેલી સવારે 3:18 વાગ્યે શરૂ થશે અને સાંજે 5:53 વાગ્યે પૂર્ણ થશે. આથી, એકાદશીના વ્રત અને મર્યાદા જાળવતા લોકો મકરસંક્રાંતિના દિવસે અનાજના ખીચડાને બદલે સાબુદાણાની ફરાળી ખીચડી અથવા તલમાંથી બનેલી વાનગીઓનો ઉપયોગ કરી શકી કે કેમ તેમ વિચારી રહ્યા છે. ઘણા લોકો



એકાદશીના કારણે બીજા દિવસે એટલે કે 15 જાન્યુઆરીએ ખીચડો બનાવવાનું આયોજન કરી રહ્યા છે.અને મકરસંક્રાંતિના દિવસે પવિત્ર સ્નાન અને દાનનો વિશેષ મહિમા છે. જ્યોતિષીઓના મતે, આ દિવસે એકાદશી હોવાથી ભગવાનને શ્વેત (સફેદ) તલ અર્પણ કરવા અત્યંત શુભ ફળદાયી રહેશે. આ ઉપરાંત ધાબળા, ઘી અને તલનું દાન કરવું પુણ્ય આપનારું માનવામાં આવે છે. ખીચડો ન ખાઈ શકવાના સંજોગોમાં શ્રદ્ધાળુઓ તલ અને ગોળની બનાવટોથી પર્વની ઉજવણી કરી શકે છે. ત્યારે ભક્તિમય વાતાવરણ સાથે ઉતરાયણની ઉજવણી કરવા લોકો ઉતરાયણના તહેવારની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

તારીખ : 11/01/2026

# સાવરકુંડલા શહેર ખાતે આવેલ ઓમકાર વિદ્યાલયમાં બાળકોને ખજૂર તેમજ પતંગનું વિતરણ કરતા ધારાસભ્ય શ્રી અને આગેવાનો..



સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય આગેવાનો શહેર અને તાલુકાના ભારતીય જનતા પાર્ટીના આગેવાનો કાર્યકર્તાઓ મંડળ પ્રમુખો, શહેર પ્રમુખો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહી સાવરકુંડલાની ઓમકાર વિદ્યાલય ખાતે બાળકોને ખજૂર તેમજ પગનું વિતરણ કરવામાં આવ્યું હતું.





તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે**
**બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,**
**ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS
તારીખ : 11/01/2026







# પ્રભુ નો પ્રસાદ

આજ નો પ્રભુ નો પ્રસાદ ના દાતા શ્રી જૈનીલ નરેશભાઈ મેવાડા ના જન્મદિવસ પ્રસંગે આજ નો પ્રભુ નો પ્રસાદ(ભોજન) અને મીઠાઈ દાતાશ્રી નરેશભાઈ મેવાડા નો સંસ્થા આપનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે...

આજ ની સેવા મા નરેશભાઈ મેવાડા, વિપુલભાઈ દુધાત (શિક્ષક તાલુકા શાળા), અરવિંદભાઈ મેવાડા,જૈનીલ,નિશાંત,સોહમ એ સેવા આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 11/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru
908 124 1916

## "મોડું નથી થયું, સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ હજી ચાલુ છે."

### વિશ્વાસ જયાં છે, ત્યાં ઉત્સવ લંબાય છે.

### હવે આપના સૌભાગ્યની નવી તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી.




માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.
મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ

તારીખ : 11/01/2026

# સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત લાઠી અને બાબરામાં ધ્વજારોહણ, મહાઆરતી સહિત કાર્યક્રમો યોજાયા.





સોમનાથ સ્વાભિમાન પર્વના પાવન અવસર નિમિત્તે લાઠી-બાબરા ધારાસભ્ય શ્રી જનક તળાવિયાની ઉપસ્થિતિમાં લાઠી ભીડ ભંજન મહાદેવ મંદિર ખાતે તેમજ બાબરા સોનપરી મહાદેવ મંદિર ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધિવત મહા આરતી, પૂજાઅર્ચના તથા ભક્તિભાવપૂર્વકના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી જનક તળાવીયા સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો, સંતો-મહંતો, સ્થાનિક આગેવાનો, રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો, યુવાનો, મહિલાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામે મળીને સોમનાથ સ્વાભિમાન પર્વની મહત્તા અને તેના ઐતિહાસિક ગૌરવને ઉજાગર કર્યું હતું. અને ભગવાન શિવના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી જય સોમનાથ હર હર મહાદેવ નો નાદ ગુંજી ઉઠ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026


SINCE 1923 KD NEWS PAPER


Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## નેપાળ, જગન્નાથપુરી, ગંગાસાગર, દાર્જીલિંગ ગેંગટોક, કલકતા, કામ્યાદેવી સાથે


## એકદમ વ્યાજબી ભાવે યાત્રા કરો





ઓમકારેશ્વર, ચિત્રકુટ, પ્રયાગરાજ (ત્રિવેણી સંગમ), બનારસ (કાશી વિશ્વનાથ), અયોધ્યા, છપૈયા, નેપાળ, પોખરા મુકિતનાથ (સ્વખર્ચે), મનોકામના દેવી, કાઠમાંડુ (પશુપતિનાથ) જનકપુર, ગયાજી-બુધ્ધગયાજી, ભુવનેશ્વર સાક્ષીગોપાલ, દાર્જીલિંગ-ગેંગટોક સિલીગુટી (સ્વખર્ચે), આસામ, ગોહાટી કામખ્યા દેવી શકિત પીઠ, ગંગાસાગર કલકતા જગન્નાથપુરી, (ચારધામમાં એક ધામ) કોણાક સુર્યમંદિર, ચંપારણ, ઉજ્જૈન





2x2 સ્લીપર નોન એસી ગાડી • નોન એસી રૂમ •

| ઉપરની સીટ-એક વ્યકિતના | નીચેની સીટ-એક વ્યકિતના | ટુર ઉપાડવાની તારીખ | યાત્રા દિવસ |
|---|---|---|---|
| Rs.30999/- | Rs.32999/- | 25/02/2026 | 27/28 |

**સુવીધાઓ** ચાર વ્યકિત વચ્ચે રૂમ વ્યવસ્થા, બેસવાનો પોઇન્ટ : સાવરકુંડલા, અમરેલી, અમદાવાદ, સવારે, ચા નાસ્તો, બે ટાઈમ જમવાનું નેપાળ કસ્ટમ ડયુટી ૧૦૦૦ એકસ્ટ્રા, જયા આપણી બસ જતી ન હોય ત્યાં યાત્રીકોએ સ્વખર્ચે જવાનું રહેશે.

**ગુરુકૃપા ટુર્સ & ટ્રાવેલ્સ**
જયશ્રી સિનેમા મેલડી ચોક સાવરકુંડલા

પ્રકાશ પટેલ મોં.9879330605
જીતેશભાઈ રૂપાવટીયા મોં.9428618105

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સલીમ માંજા મેકર્સ

"શું તમારે કાપ્યો છે
તેવી બૂમ પાડવી છે"

તો સલીમ માંજા મેકર્સ તમારા
માટે લઈને આવ્યું છે...

## ગુજરાતમાં સૌપ્રથમવાર

## કોરિયન કેમિકલ માંજા

તો તમારું એડવાન્સ બુકિંગ કરાવો
નીચે આપેલ નંબર પર

**મો. 95123 10710**

તેમજ અમારે ત્યાં તમને મળશે
ઓરીજનલ રિલો, ખંભાત, બરેલી
રામપુરી પતંગો ની અવનવી રેન્જ

**સ્થળ : આઝાદ ચોક,
હિલપાર્ક માર્કેટ સાવરકુંડલા**



તારીખ : 11/01/2026

# જાળીયા આરોગ્ય કેન્દ્રમાં કુટુંબ કલ્યાણ કેમ્પ યોજાયો..



મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો આર.એમ. જોશી તથા તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડો આર. કે. જાટના નેતૃત્વ નીચે તથા મેડિકલ ઓફિસર શ્રી ડોદિવ્યાબેન ચુડાસમા તથા ડો. હેતલબેન ગળથીયાના માર્ગદર્શન તળે સુપરવાઈઝર શ્રી કે.એમ. પંચોલી દ્વારા જાળીયા પ્રાથમિક આરોગ્યકેન્દ્ર પર કુટુંબ કલ્યાણ ના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં દર્દી ને લેબ ટેસ્ટ તથા તપાસ તથા તેડવા મુકવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ જેમાં સર્જન શ્રી ડો.આર.કે.જાટ દ્વારા કુટુંબ નિયોજન ઓપરેશન કરવામાં આવેલ.જાળીયા મોટા આંકડિયા અમરેલી અર્બન ના કુલ ૧૮ કુટુંબ નિયોજન ઓપરેશન કરવામાં આવેલ જે ખુબજ પ્રશન્સનીય કામગીરી કહી શકાય આ કામગીરી માં મદદરૂપ થનાર પી.આર. જાલા, જતિનભાઈ, મોન્ટુભાઈ દિશાબેન રામાનુજ તથા દીશાબેન દામાણી તથા ચંદ્રિકાબેન તથા બીનાબેન ત્રિવેદી તથા જાનવીબેન અમરેલીયા જાળીયાના સ્ટાફ તથા આશા બેહનો નો સુપરવાઈઝર કે. એમ. પંચોલીએ આભાર માન્યો હતો.

તારીખ : 11/01/2026
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નો નેગેટીવ ન્યુઝ

# મકાન વેચવાનું છે...

જગ્યાના ભાવે ૨૩૫ વાર તેમાં ૩ રૂમ, રસોડુ, ધાબાવાળા બે રૂમ, નળીયાવાળા, આનંદ આશ્રમની ગલીમાં ફુલ સગવડતા સાથેનું...

**મો. ૮૧૨૮૧ ૨૭૬૫૧**

**મો. ૯૯૯૮૮ ૮૫૩૭૦**

તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 11/01/2026

# સોમનાથ સ્વાભિમાન પર્વ; ભગવાન સોમનાથ સમક્ષ અરબી સમુદ્રના આકાશમાં ત્રણ હજાર ડ્રોનથી સર્જાયા અદભુત દ્રશ્યો...

10 જાન્યુઆરી 2026 શનિવારના ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ,પદાધિકારીશ્રીઓ સહિત લાખો શિવભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ ડ્રોન શૉ નિહાળી યાત્રિકો મંત્રમુગ્ધ થયા હતા. ડ્રોન થકી આકાશમાં ત્રિશૂળ, ૐ, વીર હમીરજી, સરદાર પટેલ, શ્રી નરેન્દ્રભાઈ મોદીના ચિત્રો સર્જાયા હતા.ડ્રોન શૉ બાદ સોમનાથ મંદિર નજીકનો દરિયા કિનારો ભવ્ય આતશબાજીથી ઝળહળી ઉઠ્યો હતો.









તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વટેશ્વર ડેરી ફાર્મ

## પ્યોર તબેલાનું ભેંશનું દુધ મળશે ગેરેંટી સાથે...

## ભાવ : રૂા. 80, હોમ ડીલેવરી : રૂા. 85

**પ્યોર ઘી પણ મળશે..**
**રૂા. 1000 (કીલો)**

## ઓર્ડર મુજબ પેંડા બનાવી આપવામાં આવશે.

**ભેંશના દુધના પેંડા**
**ભાવ રૂા. 500 (કિલો)**

મણીભાઈ ચોક (રાઉન્ડ),
મહાજન સમાજની વાડી નીચે, સાવરકુંડલા.
મો. 99792 80130

સમય :- સવારે 7 થી 9 / સાંજે 7 થી 9

કે.ડી. NEWS
તારીખ : 11/01/2026

# લીલીયા તાલુકા માટે સિંચાઈ ક્ષેત્રે મહત્વપૂર્ણ મંજૂરી મળી.



લીલીયા તાલુકાના પૂંજાપાદર ગામે ચેકડેમ રીપેરિંગ અને મજબૂતીકરણ માટે ₹66.14 લાખની મંજૂરી મળી છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા જળસંપત્તિ મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલનો આભાર સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ માન્યો હતો.આ કાર્ય પૂર્ણ થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં જળસંગ્રહ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, ખેતી માટે સિંચાઈ સુવિધાઓ વધુ સુદૃઢ બનશે તથા ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થશે, જેના પરિણામે લીલીયા તાલુકાના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે. તેવું ધારાસભ્ય શ્રી કસવાલાએ જણાવ્યું હતું.

તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


પધારો મારે આંગણે...પધારો મારે આંગણે...

# મુરલીધર રેસ્ટોરન્ટ

## (ફેમીલી રેસ્ટોરન્ટ)

શુધ્ધ શીંગતેલમાં બનતી વસ્તુના વિશ્વાસ સાથે
શિયાળાની ગુલાબી મોસમમાં અમારે ત્યાંથી આપને મળશે..

સ્પેશ્યલ લીલી હળદર, ઓળો, ગ્રીન ઓળો,
પાપડ પ્યાજ, શીંગ ભજીયા અને ચૂલે બનાવેલા રોટલા

આખું લસણ * આખી ડૂંગળી * કાજુ ગાઠીયા
૨૦ થી પણ વધારે લાઇવ કાઠિયાવાડી સબ્જી
૧૫ થી પણ વધારે પંજાબી સબ્જી

અને હા બપોરે ગુજરાતી અનલિમિટેડ થાળી તો ખરી જ...

24 કલાક નાસ્તા હાઉસ..શુદ્ધ સિંગતેલ માંથી જ વણેલા ગાંઠીયા
ભજીયા અલગ અલગ પ્રકારના મળશે * બટેટા ચિપ્સ * મેગી

શુભ પ્રસંગે તથા બર્થડે પાર્ટી જેવા નાના મોટા પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.

ફેમિલી સાથે બેસવાની સુંદર વ્યવસ્થા

નોંધ : પાર્સલ સુવિધા ઉપલબ્ધ તેમજ ફોન પર ઓર્ડર લેવામાં આવશે

જેસર રોડ બાયપાસ ચોકડી, સાવરકુંડલા.
મો. 99240 91260/75730 53411

કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

# લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા અમરેલી માં ભવ્ય શાકોત્સવ ઉજવાયો.




અમરેલી ખાતે શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો .જેમાં ભક્તોને ૧૦૮ ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજીના આશિર્વાદ અને અમૃતવાણીનો લાભ મળ્યો હતો આધ્યાત્મિક ઉર્જા અને ભક્તિભાવ સભર આ શાકોત્સવમા અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી,જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી મેહુલભાઈ ધોરાજીયા, વેપારી અગ્રણીશ્રી કેતનભાઈ સોની, શ્રી ભાવેશભાઈ ભાલીયા, શ્રી રાજુભાઈ ધાનાણી, શ્રી કાળુભાઈ સુહાગીયા સહીત રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો અને મોટી સંખ્યામા હરિભકિતો ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રધ્ધાંજલિ



## સ્વ. રાધાબેન કરમશીભાઈ દેવગાણીયા

**(ઉં.વ.૭૫) સ્વ.તા. ૩/૧/૨૦૨૬**

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન સત્ય હોવા છતાં,
કેટલાક મૃત્યુ એવા હોય છે કે જેના ઘાવ કદી રૂઝાતા નથી...
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુના ચરણોમાં પ્રાર્થના..

દેવરાજભાઈ મનજીભાઈ માલવિયા (ભાઈ)
સવિતાબેન દેવરાજભાઈ માલવિયા (ભાભી)
પ્રેમજીભાઈ મનજીભાઈ માલવિયા (ભાઈ)
લીલાબેન પ્રેમજીભાઈ માલવિયા (ભાભી)
મુકેશભાઈ દેવરાજભાઈ માલવિયા (ભત્રીજા)
દક્ષાબેન મુકેશભાઈ માલવિયા (ભત્રીજા વહુ)
હિતેશભાઈ દેવરાજભાઈ માલવિયા (ભત્રીજા)
આશાબેન દેવરાજભાઈ માલવિયા (ભત્રીજી)

**સમસ્ત માલવિયા પરિવારનાં જય સ્વામિનારાયણ**

ડે.ડે NEWS

તારીખ : 11/01/2026

# સાવરકુંડલા તાલુકાના ડેડકડી પ્રાથમિક શાળાના શિક્ષકની બદલી થતાં ગામ ભાવુક થયું...

## સમાબેન શિક્ષિકા ની વસમી વિદાય.



ડેડકડી પ્રા. શાળા, તા. સાવરકુંડલામાંથી પાદરગઢ પ્રા શાળામાં બદલી થતાં આખું ગામ હિબકે ચડયું. સમાબેને ડેડ કડી શાળા મા 5 વર્ષમાં મેળવેલી અગણિત સિધ્ધિ ઓ. ડીગ્રી: Msc Med. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃત ભણાવતા વિષયો. - તાલુકાના ટેલેન્ટ અને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ.રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની 108 કૃતિ દ્વારા સ્વખર્ચે ઊજવણી.- વિજ્ઞાન પ્રદર્શન અને ખેલ મહાકુંભ મા બાળકો ને તાલુકાથી લઈ રાજય કક્ષા સુધી પહોંચાડવા,ગણિતના 108 કાવ્યો લોક ઢાળે બનાવી ને રાજ્ય કક્ષાના- શ્રેષ્ઠ ઈનોવેટર અને ઈનોવેશન વર્કશોપ ના સંચાલક તથા તજજ્ઞ બન્યા. - વેકેશનમાં ગણિત સમર કેમ્પ નું સ્વ ખર્ચે આયોજન.- ડીગ્રી સિવાય એન. સી. સી.,- શાસ્ત્રીય નૃત્ય, કોરિયોગ્રાફર ના કલાસ સંપન્ન કર્યા. કોરિયોગ્રાફર ના કલાસ કરાવી ને કોલેજ નો ખર્ચ કાઢવો. બેન યોગ- વ્યાયામ અને રાસ ગરબા મા અવ્વલ હતા.- નોકરીની શરૂઆતથી અત્યાર- સુધી ભણાવેલા બાળકો ને ઓન લાઈન ગૃપમાં માર્ગદર્શન આપે છે. સંસ્કાર અને કૌશલ્યો ની વિવિધ પ્રવૃત્તિઓ મા માહેર હતા.- સ્લેટ દ્વારા ગણિત શિક્ષણ મા - સફળતા મેળવી છે. સરકારી શાળા મા પતિ- પત્ની બંને જણા રાત્રે આકાશ દર્શન નિઃ શુલ્ક કરાવે છે.- રૂ. 35000 નું ટેલિસ્કોપ સ્વ ખર્ચે વસાવેલું છે.- બાળકો ને નાસામાં જોડાવા વિશેષ માર્ગદર્શન આપે છે.દરેક તાલીમ મા ઉત્સાહભેર- ભાગ લેવો. અને બાળકો ને- શનિ રવિમાં ભણાવવા. કોમ્પ્યુટર મા માસ્ટરી હતી- બાલ વાટીકાથી ધો. 8 ના બાળકો, વાલીઓ, સ્ટાફના- પ્રિય ટીચર તરીકે ની છાપ ધરાવતા હતા- સમગ્ર તાલુકાનું નામ રાજય સુધી રોશાન કર્યું હતું- ડેડ કડી ગામ- શાળા અને પોતાનું નામ રાજય અને- રાષ્ટ્ર કક્ષા સુધી ગુંજતું કર્યું હતું - આવા તન- મન- ધનથી સમર્પિત કર્મઠ, નિષ્ઠાવાન હતા.સમાબેન શિક્ષિકાની બદલી થતાં વિદ્યાર્થીઓ વાલીઓ અને સમગ્ર ગામ ભાવુક થયું હતું.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# KREENA'S KITCHEN STUDIO

## કાઠીયાવાડનો સૌપ્રથમ પ્રોફેશનલ કૂકિંગ સ્ટુડિયો શીખો ગુજરાતી થી લઈને ઈન્ટરનેશનલ વાનગીઓ

Gujarati North Indian | Rajasthani | Punjabi
South Indian Chinese | Thai | Italian | Oriental | Mexican
Continental Street Foods Sweets | Chocolates
Cakes & Icecreams | Biscuits & Cookies | Mocktails

પ્રોફેશનલ કૂકિંગ ક્લાસિસ * રેસીપી બુક સાથે સંપૂર્ણ હેન્ડ્સ-ઓન પ્રેક્ટિસ * બહેનો માટે અલગ બેચ * બાળકો માટે ખાસ બેચ * ખાસ આકર્ષણ દર રવિવારે સ્પેશ્યલ વર્કશોપ દર ગુરુવારે ફ્રી લાઈવ રેસીપી ક્લાસ

**રજિસ્ટ્રેશન માટે આજે જ સંપર્ક કરો**
**+91 84499 86886**

Kreena's KITCHEN

Professional Chef: Kreena Gadhiya
Instagram: @kreenas_kitchen

સરનામું : મહુવા રોડ, સાવરકુંડલા

તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સ્પેશ્યલ ઓફર

# ઘરઘંટી વસાવો

**માત્ર 25 સભ્ય વચ્ચે ડ્રો**

**ફકત રૂા. 1500 ભરીને વસાવો ઘરઘંટી**

**વિજેતાને બાકીની રકમ નહીં ભરવાની**



- 3 વર્ષની ફુલ વોરંટી
- 5 વર્ષ મોટર ગેરંટી (મોટર બદલી આપવામાં આવશે.)
- કટ્ટરની આજીવન ગેરંટી
- બાજરો દળવાની પણ ગેરંટી

# એકયુરેટ ઈલેકટ્રોનિકસ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

તારીખ : 11/01/2026

# શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલય ની દીકરી ઝોન કક્ષાએ ઝળકશે






શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલયની બહેનો સંગીત કલા અને રમતગમત ક્ષેત્રે ઉજળું ભવિષ્ય ધરાવે છે અને ઉત્તમ પરિણામ મેળવીને અવારનવાર શાળાનું ગૌરવ વધારે છે. એસવીએસ કક્ષાએ તથા તાલુકા કક્ષાએ ગાયન ક્ષેત્રે પ્રથમ નંબર પ્રાપ્ત કરી અને જિલ્લા કક્ષાએ પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરી ઝીલ ધર્મેન્દ્રભાઈ જોશી ઝોન કક્ષા માટે પસંદગી પામેલ છે જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઈ કામદાર તથા આચાર્ય શ્રી કંચન બહેન બારૈયાાએ ઝીલ જોશીને આ તકે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવેલ છે. અજમેરા પરિવાર દ્વારા ઝીલ જોશીને અભિનંદન તથા ઉત્તરોત્તર સિદ્ધિ પ્રાપ્ત કરો તેવી શુભેચ્છા પાઠવેલ છે. આ ઉપરાંત ધોરણ 9A માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેન ચૌહાણ પ્રિયાંશી વાદન ક્ષેત્રે જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. તેમને પણ શાળાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી તથા સમગ્ર અજમેરા પરિવાર વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. આ બન્ને વિદ્યાર્થીની બહેનોને એસવીએસ કક્ષાએથી ઝોન કક્ષા સુધી માર્ગદર્શન શાળાના શિક્ષક શ્રી કેતનભાઈ જોશી દ્વારા આપવામાં આવેલ હતું

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Aavkar RESTAURANT & BANQUET HALL



## આલ્ફ્રેડો પાસ્તા



## મેક્રોની પાસ્તા



## ફુઝીલી પાસ્તા



## લઝાનીયા પાસ્તા



## અરબીતા પાસ્તા

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.

99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

તારીખ : 11/01/2026

# "સોમનાથ સ્વાભિમાન પર્વ" અંતર્ગત ધારાસભ્ય જે.વી.કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ચલાલા ખાતે આવેલા પૌરાણિક શિવ મંદિર શ્રી ભીમનાથ મહાદેવ માં શિવ ધૂન, મહા આરતી અને પૂજાઅર્ચના જેવા ધાર્મિક કાર્યક્રમો ઉત્સાહભેર કર્યા....

## સોમનાથ સ્વાભિમાન પર્વ : અતૂટ આસ્થાના 1000 વર્ષ...





ગુજરાતની આસ્થાનો અને આત્મગૌરવનો પ્રતીક એવા "સોમનાથ સ્વાભિમાન પર્વ"ના પાવન અવસર નિમિત્તે ધારી બગસરા ખાંભા વિધાનસભાના ધારાસભ્ય જે.વી.કાકડીયાએ ચલાલા શહેરમા ભીમનાથ મહાદેવ મંદીર ખાતે ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમોમાં ભાવભેર ભાગ લીધો હતો. ભગવાન શિવની મહા આરતી, પૂજાઅર્ચના, શિવ ધૂન અને અન્ય ધાર્મિક વિધિઓ સંપન્ન કરવામાં આવી હતી. મંદિર પરિસર ભક્તિભાવથી છલકાઈ ઉઠ્યો હતો અને "હર હર મહાદેવ"ના જયઘોષથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું. જેમાં દાન મહારાજ ની જગ્યાના મહંત શ્રી મહાવીરબાપુ,ભીમનાથ મહાદેવ મંદિર,ના મહંતશ્રી મયુરબાપુ,ધારી વિધાનસભાના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જેન્તીભાઈ પાનસુરીયા,ચલાલા શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા,ચલાલા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ માલવિયા તથા પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ ભલુભાઈ વાળા તથા ચલાલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ પ્રકાશભાઈ કારીયા તથા ચલાલા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા શહેર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ચિરાગભાઈ માલવીયા ચલાલા શહેર ભારતીય જનતા પાર્ટી લના કોસા અધ્યક્ષ મનોજભાઈ બગસરીયા શહેર ભાજપના મંત્રી મિતેશભાઈ ભટ્ટ તથા વિવિધ મોરચાના પ્રમુખ મહામંત્રીઓ તથા શહેર ભાજપના હોદ્દેદારો નગરપાલિકાના સદસ્ય શ્રી ઓ તથા ચલાલા શહેરના વિવિધ આગેવાનો તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અશોક જોશી. ચલાલા. અમરેલી

તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

## લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

## બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક
## બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક
## ફોટો કેક
## અઢળક કેકની વેરાયટીઓ



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
તારીખ : 11/01/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**શું કહેવું તમારું?
રવિવાર પણ ચાઈના જેવો છે
ટકતો જ નથી ..**

---

**એક બહેન બહેનપણીને : તને ખબરછે
મારા પતિ કરતા વધારે ઈજ્જત તો મારા
કબાટના કપડા મને આપે છે જ્યારે પણ
કબાટ ખોલું છું ત્યારે એક-બે તો પગમાં
પડી જાય છે!**

---

**પતિ: જરા કબાટમાંથી ફાઈલ લાવજે
પત્નીઃ અહીં તો કોઈ ફાઈલ નથી
પતિ: મને ખબર જ હતી કે તને નહીં મળે
એટલે હું પહેલા જ લઈ આવ્યો હતો**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 11/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 11 જાન્યુઆરી
# મહત્વની ઘટનાઓ

૧૫૬૯ – ઈંગ્લેન્ડમાં પ્રથમ વખત લોટરીની શરૂઆત થઈ.

૧૭૭૯ – ચિંગ-થાંગ ખોમ્બા (Ching-Thang Khomba)નો મણિપુરના રાજા તરીકે રાજ્યાભિષેક થયો.

૧૭૮૭ – વિલિયમ હર્ષલે પ્રજાપતિના બે ચંદ્રો, ટિટાનિયા અને ઓબેરોન શોધી કાઢ્યા.

૧૯૮૬ – ઓસ્ટ્રેલિયાનો ગેટવે બ્રિજ સત્તાવાર રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો.

૨૦૨૦ – વુહાનમાં મ્યુનિસિપલ આરોગ્ય અધિકારીઓએ કોવિડ-૧૯થી નોંધાયેલા પ્રથમ મૃત્યુની જાહેરાત કરી.જન્મફેરફાર કરો

૧૯૦૩ – એલન પેટોન, દક્ષિણ આફ્રિકાના લેખક અને રંગભેદ વિરોધી નેતા (અ.૧૯૮૮)

૧૯૨૭ – કુન્દનિકા કાપડિયા, ગુજરાતી ભાષાના અગ્રગણ્ય વાર્તાકાર, નવલકથાકાર અને નિબંધકાર (અ.૨૦૨૦)

૧૯૫૪ – કૈલાશ સત્યાર્થી, ભારતીય ઈજનેર, શૈક્ષણિક અને કર્મશીલ, નોબેલ પારિતોષિક વિજેતા

૧૯૭૦ – સુકુમાર બાન્દ્રેડ્ડી, તેલુગુ સિનેમાના ભારતીય ફિલ્મ દિગ્દર્શક, નિર્માતા અને પટકથાલેખક

૧૯૭૩ – રાહુલ દ્રવિડ, ભારતીય ક્રિકેટર

## અવસાન

૧૯૨૮ – થોમસ હાર્ડી, અંગ્રેજ નવલકથાકાર અને કવિ (જ.૧૮૪૦)

૧૯૬૬ – લાલ બહાદુર શાસ્ત્રી, ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન (જ.૧૯૦૪)

૨૦૧૩ – એરન સ્વાર્ટ્ઝ, અમેરિકન લેખક, કોમ્પ્યુટર પ્રોગ્રામર, રાજકીય આયોજક અને ઈન્ટરનેટ ચળવળકાર (જ.૧૯૮૬)

## તહેવારો અને ઉજવણીઓ

રાષ્ટ્રીય માનવ તસ્કરી જાગૃતિ દિવસ (અમેરિકા)

પૃથ્વી જયંતિ (નેપાળ)

તારીખ : 11/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 11/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

## ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 11/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973